નં.જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/

પોસ્ટ વિતરણ/પોલીસી/ ૩૬

જી.આ.ઇ.ડી.સી.,વડી કચેરી, ગાંધીનગર

તા.૨૭/૧૨/૨૦૧૮.

// પરિપત્ર //

વિષય:- નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ૨૦૦૦ ચો.મી. સુધીના ઔદ્યોગિક મિલ્કતોના ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા બાબત.

સંદર્ભ:- (૧) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર/વિતરણ/પોલીસી/ ૩૭, તા.૨૮/૦૪/૨૦૧૬

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી /ઓએન્ડએમ /સીઆઇઆર /પોસ્ટ વિતરણ/પોલીસી/૧૦૬, તા.૨૧/૦૭/૨૦૧૭

નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ૨૦૦૦ ચો.મી. સુધીનો વિસ્તાર ધરાવતી ઔદ્યોગિક મિલ્કતો માટે ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા બાબતે કાર્યસૂચિ ક્રમાંક:૧૬/પો.વિતરણ/૫૦૨/૨૦૧૮, નિગમની સભા સમક્ષ સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ દ્વારા થયેલ ઠરાવ ક્રમાંક:૬૦/પો.વિતરણ/૫૦૨/૨૦૧૮ અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

- હાલની પ્રવર્તમાન નીતિઓની અન્ય લગત બાબતો યથાવત રાખી ૨૦૦૦ ચો.મી. સુધીના મિલ્કત ધારકો કે જેઓ ઔદ્યોગિક મિલ્કતનો નિયત સમયમર્યાદામાં ઉપયોગ કરી શકેલ નથી તેવા ઉદ્યોગકારો માટે વણવપરાશી સમયગાળા માટે પ્રતિ વર્ષ ૧ ટકા લેખે દંડની વસૂલાત કરી તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં મિલ્કતનો ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા બાબતે મંજૂરી આપવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

-સહી-

(ડી.થારા)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.

(3) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યું,

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)